જો આપને એમડીઆર ટીબી હોય અને જેને ટીબી થયો હોય તેવી વ્યક્તિ પાસેથી વધુ જાણકારી મેળવવા માંગતા હો તો પૅાલ મેય્હો લિખિત ‘The Tuberculosis Survival Handbook’ (દ્વિતીય આવૃત્તિ) છે. આ પુસ્તકની કિંમત £14.95 છે અને તે સ્થાનિક બુકશૉપ્સ ગેઝેલ બુક સર્વિસિસ તથા www.amazon.co.uk પરથી અથવા પ્રકાશક Merit Publishing International વેબસાઇટ www.meritpublishing.com પરથી અથવા merituk@aol.com પર ઈમેઇલ કરવાથી મળી શકે છે. પુસ્તક ઑર્ડર કરવા માટે રેફરન્સ નંબર છે ISBN 1 873413 14 9.

નોંધઃ



આપના પરિવાર તથા મિત્રોનું ટીબીથી રક્ષણ કરો – આપની ટીબીની બધી દવાઓ લો

**યાદ રાખો** આપની સહાય તથા આપને સૂચન આપવા માટે સમગ્ર સારવાર દરમિયાન અહીં ટીબી નર્સ છે. જો આપને આપની સારવારને કારણે ઠીક ન લાગતું હોય અથવા આપ આપની દવાઓ વિશે નિશ્ચિત ન હો તો કૃપા કરીને આપની ટીબી નર્સનો સંપર્ક કરો.

આપની ટીબી નર્સઃ

આપના હૉસ્પિટલના ડોક્ટરઃ

સંપર્ક નં.:

ઈમેઇલઃ

**TB Alert** એ એક એવી અદ્વિતીય ધર્માદા સંસ્થા છે કે જેનું કામ યુ.કે.માં ટી.બી. ના રોગ સામે જાગૃતિ લાવવાનું છે અને દર્દીઓને માહિતી પહોંચાડવાના એન. એચ. એસ.ના કાર્યને ટેકો આપવાનું છે. અમો વિકાસશીલ દેશોમાં યોજવામાં આવતી પરિયોજનાઓને ટેકો આપવાનું કામ કરીએ છીએ અને સાથે-સાથે એ બાબતે ખાતરી કરીએ છીએ કે દરેકે દરેક દર્દીઓને જરૂરી સારવાર બરોબર મળતી રહે . આપના અમૂલ્ય સહયોગથી આપણે ટી.બી. વિષે એક વિશ્વવ્યાપી સકારાત્મક અસર ઊભી કરી શકીએ કે જેથી કરીને અનેકની જીંદગી બચાવી શકાય.

**TB Alert**,
Community Base,
113 Queens Road,
Brighton BN1 3XG
ટેલીફોનઃ 01273 234030

વધુ માહિતી અથવા આ પુસ્તિકાની વધુ કોપી મંગાવવા માટે, કૃપા કરીને 01273 234 770 પર (ઑફિસ સમય દરમિયાન) ફોન કરો.

ડોનેશન અથવા ટીબી એલર્ટને સ્વયંસેવા આપવા માટે 01273 234 784 પર (ઑફિસ સમય દરમિયાન) ફોન કરો.

અથવા અમારી વેબસાઈટ www.tbalert.org પર જાઓ.

આ પુસ્તિકામાં આપેલી ટેસ્ટ તથા ટ્યુબરક્યુલોસિસની સારવાર વિશેની માહિતીનો હેતુ વિષયની સામાન્ય સમજ આપવાનો છે. તેનો હેતુ આપના નર્સ/ડૉક્ટર અથવા અન્ય સ્વાસ્થ્યસંભાળ વ્યાવસાયિકના જ્ઞાન, નિપૂણતા તથા નિર્ણયની અવેજી માટે નથી. આ પુસ્તિકામાં આપેલી કોઈ પણ માહિતીનો હેતુ નિદાન અથવા સારવાર તરીકેના ઉપયોગ માટે નથી. નિદાન તથા સારવાર વિશેના પ્રશ્નો તથા વિચારો વિશે સ્વાસ્થ્યસંભાળ વ્યાવસાયિક ચર્ચા કરવી.

મૂળ વિકાસનું કામ નૉર્થ વેસ્ટ લંડન ટીબી નેટવર્ક દ્વારા કરવામાં આવેલ છે.

ૐ ચેમ્પ્કન્ચ લર્મિંદ્ર બ્ર ગુકરુકર્ન્તે ઇન્ગ્લૅન્ડમાં રજીસ્ટર્ડ થયેલ છે. નંબર. 3606528 રજીસ્ટર્ડ ચૅરિટિ નંબરઃ 1071886 ડિઝાઈનઃ worksong, london 020 8352 8300

# મલ્ટિ-ડ્રગ રેઝિસ્ટન્ટ ટ્યુબરક્યુલોસિસ (એમડીઆર ટીબી)



## ટીબી શું છે ?

ટ્યુબરક્યુલોસિસ (ટીબી) એ બેક્ટેરિયાનો ચેપ છે જે મોટેભાગે ફેફસાંમાં જોવા મળે છે પરંતુ તે મગજ, ગ્રંથિઓ, કીડનીઝ તથા હાડકાં જેવા શરીરના અન્ય કોઇ પણ ભાગને અસર કરી શકે છે.

## તે કેવી રીતે પકડાય છે ?

જ્યારે ફેફસાંનો ચેપી ટીબી ધરાવનાર વ્યક્તિ ખાંસી ખાય છે ત્યારે જીવાણુંઓ નાનાં છાંટા રૂપે હવામાં ફેલાઇ શકે છે અને અન્ય લોકો તેમને શ્વાસમાં લે છે. ટીબીથી અસરગ્રસ્ત થનાર એ લોકો હોય છે જેઓ ટીબી ધરાવનાર વ્યક્તિની સાથે એક જ ઘર અથવા ફ્લેટમાં રહેતાં હોય છે

## શું હું ચેપી છું ?

ટીબી ધરાવનાર બધાં લોકો ચેપી નથી હોતાં. જો આપને ફેફસાંનો અથવા ગળાનો ટીબી હોય **અને** આપની ખાંસીમાં ટીબીના જીવાણુંઓ હોય (જે સ્મિયર પોઝિટિવ કહેવાય છે) તો જ આપ ચેપી હોઇ શકો છો. આપને ફેફસાં અથવા ગળા સિવાય શરીરના અન્ય કોઇ ભાગમાં ટીબી હોય તો આપ અન્ય લોકો માટે ચેપી નથી. આપના ડોક્ટર/નર્સ આપને વધુ માહિતી આપી શકે છે.

## મલ્ટિ-ડ્રગ રેઝિસ્ટન્ટ ટ્યુબરક્યુલોસિસ (એમડીઆર ટીબી) શું છે ?

જ્યારે ટીબીના જીવાણુંઓ ટીબીની સારવાર માટે સામાન્ય રીતે વપરાતી બે સૌથી શક્તિશાળી દવાઓનો પ્રતિકાર કરતાં થઇ જાય છે ત્યારે એમડીઆર ટીબી સક્રિય થાય છે. તેનો અર્થ છે કે આ દવાઓ અસરકારક રીતે કાર્ય નહીં કરે કારણ કે તે હવે ટીબીના બેક્ટેરિયાઓનો નાશ નથી કરી શકતી.

## કોઇને એમડીઆર ટીબી થયો છે તેમ આપ ક્યારે કહી શકો ?

ટીબીના જીવાણુંઓ ધરાવતા નમૂનાઓનું લેબોરેટરીમાં પરીક્ષણ કરીને જાણી શકાય કે વિવિધ દવાઓ દ્વારા તેમનો નાશ થઇ શકશે કે નહીં. જો તેમનો નાશ થઇ શકે તેમ ન હોય તો સંભવ છે કે દર્દીમાં ટીબીની સામાન્ય દવાઓથી સુધારો નહીં થાય અને આ વાત એમડીઆર ટીબી દર્શાવે છે.

## લોકોને એમડીઆર ટીબી શા માટે થાય છે ?

1. જો લેવાયેલી સારવાર કોઇ કારણસર અયોગ્ય હોય તો સારવાર દરમિયાન ટીબી પ્રતિકારક બની શકે છે, દાખલા તરીકે:
   - જો દર્દી સૂચવાયેલી દવાઓ નિયમિત ન લે અથવા સારવારનો કોર્સ પૂરો ન કરે.
   - જો દર્દી દવાઓ પૂરી રીતે લઇ ન શકે, દાખલા તરીકે, ઉલટીને કારણે.
   - જો દવાઓ સૂચવવામાં ન આવી હોય અથવા યોગ્ય રીતે આપવામાં ન આવી હોય.
   - જો દવાઓ ઉતરતી ગુણવત્તાની હોય.
2. ટીબી શરૂઆતથી પ્રતિકારક હોઇ શકે છે કારણ કે જે વ્યક્તિનો ચેપ લાગ્યો હોય તેને ડ્રગ રેઝિસ્ટન્ટ ટીબી હોય.

એમડીઆર ટીબી સામાન્ય ટીબી કરતાં વધુ ચેપી નથી પરંતુ તેના માટેની દવાઓ ઓછી અસરકારક હોય છે અને તે ઘણા લાંબા સમય સુધી લેવી પડે છે. તેથી, સામાન્ય દવાઓ પ્રતિ સંવેદનશીલતા (ડ્રગ સેન્સિટિવ ટીબી) ધરાવનાર ટીબીવાળી વ્યક્તિ કરતાં એમડીઆર ટીબીવાળી વ્યક્તિ વધુ લાંબા સમય સુધી ચેપી હોય છે.

## એમડીઆર ટીબી શા માટે સમસ્યા છે ?

ડ્રગ સેન્સિટિવ ટીબી કરતાં એમડીઆર ટીબી વધુ ચેપી નથી પરંતુ તેની સારવાર વધુ મુશ્કેલ છે.

ડ્રગ રેઝિસ્ટન્ટ ટીબીની સારવાર માટે વપરાતી દવાઓની આડઅસરો વધુ છે અને તે ડ્રગ સેન્સિટિવ ટીબીની સારવાર માટે વપરાતી દવાઓ કરતાં ઓછી અસરકારક છે. આનો અર્થ એ છે કે એમડીઆર ટીબીના દર્દીઓને વધુ લાંબા સમય માટે સારવારની જરૂર છે અને તેઓ વધુ માંદા રહી શકે છે. સારવાર માટે તેમને દવાખાનામાં દાખલ કરવાની જરૂર પણ પડી શકે છે.

## હું કેટલા સમય સુધી ચેપી રહીશ ?

તેનો આધાર આપ દવાઓને કેવી પ્રતિક્રિયા આપો છો તેના પર છે, અને એમડીઆર ટીબીના દરેક કેસ જુદાં હોય છે.

ટીબી સામાન્ય દવાઓનો પ્રતિકાર કરતો હોવાથી આપ ઘણાં સપ્તાહ અથવા મહિનાઓ સુધી ચેપી રહી શકો છે.

## મારે કેટલા સમય સુધી સારવાર લેવી પડશે ?

ડ્રગ-સેન્સિટિવ ટીબીની દવાઓનો કોર્સ ઓછામાં ઓછાં છ મહિના સુધી ચાલે છે. એમડીઆર ટીબીની સારવાર અઢાર મહિના અથવા તેથી વધુ સમય સુધી ચાલી શકે છે.

guj_52042 MultiDrug TB copy.indd 2 6/10/2009 10:32:39 AM